Seat No. : _______________

# LE-119

**April-2014**

**B.A. (Sem.-VI)**

**CC-312 : Gujarati**

**(Bhasha Vigyan Ane Gujarati Bhasha No Parichay)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. ઐતિહાસિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તન સંદર્ભે ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો પરિચય કરાવો. **14**

   **અથવા**

   નીચેનામાંથી ગમે તે **બે** વિશે લખો :

   (1) 'અઈ' અને 'અઉ' સ્વરયુગ્મનું પરિવર્તન

   (2) સંયુક્ત વ્યંજનોનો લોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ

   (3) સ્વર મધ્યવર્તી ક, ગ, જ અને દ નો લોપ

   (4) 'ય' નો 'જ' અને 'પ' નો 'વ'

2. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે લખો : **14**

   (1) સંસ્કૃત, ગુજરાતી અને ફારસીના પૂર્વપ્રત્યયોનો સદૃષ્ટાંત પરિચય આપો.

   (2) ગુજરાતીમાં અંગસાધક પરપ્રત્યયો

   (3) અંગ વિસ્તારક પ્રત્યયો

   (4) નીચેના પ્રત્યયો ઓળખાવી તેના અર્થ જણાવો :
   ભારતીય, ગુલામગીરી, કુસંગ, ટકાઉ, ગેરકાનૂની, માંદગી, કરુણાયુ

3. નીચેનામાંથી ગમે તે **બે** વિશે લખો : **14**

   (1) ગુજરાતીના રવાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગો

   (2) ગુજરાતી ભાષામાં સંયોજકોનું કાર્ય

   (3) ગુજરાતી ભાષાની સમાસરચના

   (4) નિપાતો અને તેના પ્રકારો

4. નીચેનામાંથી ગમે તે **બે** વિશે લખો : **14**

   (1) ગુજરાતીમાં લિંગવ્યવસ્થા

   (2) બહુવચનના 'ઓ' પ્રત્યયનું પ્રયોગક્ષેત્ર

   (3) ગુજરાતી ભાષાની વિભક્તિ વ્યવસ્થા

   (4) વાક્યના પ્રકારો

5. નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) અપભ્રંશના વારસારૂપે ગુજરાતી ભાષા પાસે તેના ઉદ્‌ગમકાળે કયા શબ્દોનું શબ્દભંડોળ હતું ?
  (a) તદ્‌ભવ અને તત્સમ શબ્દો
  (b) અર્ધતત્સમ્ અને અર્વાચીન શબ્દો
  (c) તદ્‌ભવ અને દૃશ્ય શબ્દો

(2) પરપ્રત્યય એટલે
  (a) મૂળ અંગની પૂર્વે લગતા પ્રત્યયો
  (b) મૂળ અંગની પાછળ લાગતા પ્રત્યયો
  (c) મૂળ અંગને વિસ્તૃત કરનારા પ્રત્યયો

(3) નીચેનામાંથી કયો શબ્દ ઉર્દૂ ભાષામાંથી આવ્યો છે ?
  (a) મફત (b) અપવાસ (c) ટેબલ

(4) આપણી ભાષામાં સંયોજકોનું કામ –
  (a) વચન દર્શાવવાનું છે.
  (b) વિશિષ્ટ અર્થછાયાઓ દર્શાવવાનું છે.
  (c) વાક્યો અને પદોને જોડવાનું છે.

(5) 'ધનદોલત' શબ્દમાં –
  (a) ધ્વનિ એકમનું પુનરાવર્તન છે.
  (b) અર્થ એકમનું પુનરાવર્તન છે.
  (c) ઉપરમાંથી એકેય નથી.

(6) નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે ?
  (a) આગગાડી (b) કુંભકાર (c) ખુશખબર

(7) લિંગભેદ જુદા-જુદા અર્થો વ્યક્ત કરે છે.
  (a) આ વિધાન સાચું છે. (b) આ વિધાન ખોટું છે.

(8) અપભ્રંશના 'અઈ' અને 'અઉ' સ્વરયુગ્મો 'હ' ના સંપર્કમાં હોય ત્યારે
  (a) સંવૃત્ત 'એ' અને 'ઓ' માં પરિવર્તન પામે છે.
  (b) વિવૃત 'એ' અને 'ઓ' માં પરિવર્તન પામે છે.
  (c) ઉપરનામાંથી એકેય નહીં.

(9) 'હૈયાસૂનું' કયો સમાસ છે ?
  (a) દ્વંદ્વ (b) અવ્યયીભાવ (c) કર્મધારય

(10) નીચેનામાંથી કયા શબ્દનું માત્ર દ્વિરુક્ત રૂપે જ અસ્તિત્વ છે ?
  (a) ખબરઅંતર (b) ઢોરઢાંખર (c) છનાછન

(11) 'ત' પ્રત્યયવાળું વિકારી કૃદંતરૂપ
  (a) ભૂતકૃદંત તરીકે ઓળખાય છે.
  (b) સામાન્યકૃદંત તરીકે ઓળખાય છે.
  (c) વર્તમાનકૃદંત તરીકે ઓળખાય છે.

(12) ગુજરાતીમાં વચન દર્શાવવું અનિવાર્ય છે.
  (a) આ વિધાન સાચું છે. (b) આ વિધાન ખોટું છે.

(13) નીચે આપેલ શબ્દોમાંથી ટપોટપ પ્રકારની દ્વિરુક્તિ કઈ છે ?
  (a) ગરમાગરમ (b) ખુલ્લંખુલ્લા (c) જનમોજનમ

(14) નીચેનામાંથી કયા શબ્દમાં અંગવિસ્તારક પ્રત્યય જોવા મળે છે ?
  (a) દુકાનદાર (b) ચાંદરડું (c) અજોડ

---